December 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 25

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવ...

આજથી સાત વર્ષ પહેલા દાણીલીમડા સેન્ટરમાં 15 વર્ષનો ઋત્વિક પોતાની મમ્મી સાથે પહેલીવાર આવ્યો હતો. શાંત અને શરમાળ ઋત્વિક મેન્ટલ રીટાયર્ડસન ધરાવે છે. પોતાના મમ્મી-પપ્પા અને ભાઈ સાથે દાણીલીમડા વિસ્તારમાં રહે છે. ઋત્વિકે સંસ્થામાં એડમિસન લીધું તે સમયે તેને બોલવામાં તકલીફ હતી અને કોઈની સાથે ભળતો ન હતો. ત્યારબાદ સ્પેશિયલ એજ્યુકેટર અને ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા એસેસમેન્ટ કરી તેના માટે એકિટવિટીનું આયોજન કરવામાં આવ્યું. જેના કારણે ઋત્વિક કલાસમાં બીજા બાળકો સાથે બેસીને હળી-મળી શકે, રમતમાં ભાગ લઈ શકે, તથા તેની સ્પીચમાં સુધારો થઈ શકે. ધીમે-ધીમે સમય જતા શિક્ષકો અને તેના મમ્મી-પપ્પાના સપોર્ટથી ઋત્વિકના બિહેવિયરમાં ઘણો સુધારો જોવા મળ્યો જેવો કે, કલાસમાં બીજા બાળકો સાથે વાતચીત કરવી, ગ્રુપ એકિટવિટીમાં ભાગ લેવો, એકેડેમીક પ્રવૃત્તિમાં રસ લેવો, આર્ટ એન્ડ ક્રાફ્ટ કરવું, સ્ટોરી સાંભળવી વગેરે. આની સાથોસાથ તેને સ્પીચથેરાપીમાં ફૂંક મારવી, ફુગ્ગો ફુલાવો, ગળા પર મસાજ કરવું, ગુજરાતીના સ્વર બોલાવવા જેવી એક્ટીવીટી કરાવવામાં આવતી. જેના કારણે તેની સ્પીચમાં પણ પહેલા કરતા વધુ સુધારો આવ્યો છે. હવે તે જે બોલે તેનો કોઈને પણ સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે.

એક દિવસ દાણીલીમડા સેન્ટરમાં બાળકોને ડાન્સ એકટીવીટી કરાવવામાં આવી. તે સમયે ઋત્વિક અને બીજા 2-3 બાળકો સાઈડમાં બેઠા હતા. થોડા સમય પછી ઋત્વિકનું ફેવરિટ સોન્ગ "ગલતી સે મિસ્ટેક" વાગ્યું ત્યારે તો ઋત્વિક એકદમ ખુશને ડાન્સ કરવા લાગ્યો. તે સોન્ગના સિગ્નેચર સ્ટેપ તેને આવડતાં હોવાથી અન્ય બાળકોને પણ તે શીખવાડવા લાગ્યો. તેને એટલી મજા આવી રહી હતી કે તે સોન્ગ પૂરું થયું ત્યારે તે મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે " ટીચર આ ગીતને ફરીથી વગાડોને મારે હજી એમાં ડાન્સ કરવો છે અને તમે પણ મારી સાથે ડાન્સ કરો." તેની ખુશીને જોતા મેં એ સોન્ગ ફરી વગાડ્યું અને અમે બધાએ સાથે ડાન્સ કર્યો. એ દિવસ બધાનો ખૂબ આંનદીત રીતે પસાર થયો હતો. આવી રીતના ઋત્વિકમા પરિવર્તન જોઈને તે દિવસે મને ખુશીનો અનુભવ થયેલો.

ત્યારબાદ તો ઋત્વિક સેન્ટરમાં ઉજવવામાં આવતા દરેક તહેવારમાં ઉત્સાહથી જોડાતો, સંસ્થા તરફથી બાળકોને પીકનીક લઈ જવામાં તે અચૂક જતો. હાલમાં જોવા જઈએ તો ઋત્વિક જાતે 10-20 રૂપિયા સુધીની વસ્તુઓ દુકાને જઈને ખરીદતો થયો છે. કોરોના સમયમાં જયારે સ્કૂલો બંધ હતી ત્યારે તે તેની મમ્મીને પૂછ્યા કરતો કે સ્કૂલે કયારે જવાનું? તે સમયે તેની મમ્મી મને ફોન કરીને તેની સાથે વાત કરાવતી. પોતાના બાળકનો વિકાસ, હકારાત્મક પરિવર્તન અને સોશિયલાઈસેશનને લગતો બદલાવ અનુભવતા ઋત્વિકના મમ્મી-પપ્પા, તેના ટીચર તરીકે હું અને પ્રભાતસંસ્થા આનંદની લાગણી અનુભવીએ છીએ!

[નામ બદલેલ છે.]

By- Sejal Aanand
Special Educator



પ્રેરણાદાયી વાર્તા

જિંદગીમાં આપણે એવા કેટલાય લોકો જોયા હશે કે જેમની પાસે બધી જ શક્તિ અને ક્ષમતા હોય તો પણ તેમના મુખ ઉપર દુઃખની છાયા જોવા મળતી હોય છે. જ્યારે કેટલાક લોકો ગમે તેટલી મુશ્કેલીમાં પણ હસતા જોવા મળે છે.

હું અહીં એવા જ એક બાળકની વાત કરવાની છું, કે જે જન્મથી જ મૂક-બધિર છે. વિચારો કે જીવન જીવવામાં કેટલી મુશ્કેલી પડતી હશે, પરંતુ તેના મુખ ઉપર દુઃખની એક રેખા પણ નથી. જો તમે ભગવાન બુદ્ધની પ્રતિમા જોઈ હશે તો ખ્યાલ હશે કે મુખ ઉપર કેટલી શાંતિ જોવા મળે છે. તેવી જ અદભૂત શાંતિ અને જેને જોઈને આપણું દિલ ખુશ થઈ જાય તેવું મીઠું સ્મિત જોવા મળે છે અનુજના ચહેરા ઉપર. હંમેશા પોતાની મસ્તીમાં જિંદગી જીવે છે.

જી હું વાત કરું છું અમારા અનુજની કે જે તેની દીદી અનુષ્કાનો અનુજ [નાનો ભાઈ] છે.અનુષ્કા 12 વર્ષની અને અનુજ 9 વર્ષનો છે અને તેનાથી નાનો એક 3 વર્ષનો ભાઈ અને માતા-પિતા મળીને ફેમેલીમાં કુલ 5 સભ્યો છે. અનુજ અત્યારે પોતાની મોટા ભાગની રોજિંદી ક્રિયાઓ જાતે કરતો થઈ ગયો છે અને આ કામ શીખડાવવામાં તેની સારથી છે અનુષ્કા.

અનુષ્કા ટૂથ બ્રશ લાવીને ટચ કરાવે એટલે અનુજ તરત જ દીવાલને ટચ કરતા કરતા બાથરૂમમાં પહોંચી જાય છે. તેવી જ રીતે ટુવાલ ટચ કરાવે તો અનુજને તરત જ ખ્યાલ આવી જાય છે કે ન્હાવા જવાનું છે. દૂધનો ગ્લાસ લાવીને ભાઈના હાથમાં આપે છે. ભાઈ દૂધ પીલે એટલે ભાઈ જાતે ગ્લાસ મૂકી આવે એટલે ભાઈને ખભે હાથ લગાડી હાથ પકડીને રસોડા તરફ હાથનો ઈશારો દર્શાવી દે એટલે અનુજ રસોડામાં પહોંચી જાય અને બરાબર ટચ કરીને ગ્લાસ પ્લેટફોર્મ ઉપર મૂકી દે. તે પોતે મુકી શકે પરંતુ અનુજની બહેન, માતા અને પિતા બધાનો એ જ પ્રયત્ન હોય છે કે અનુજ બને તેટલો સ્વતંત્ર બને. સદ્ભાગ્યે અનુજ પણ એવા વિચારોનો જ છે. દરેક વાતમાં તેનો ઈશારો એવો જ હોય છે કે 'હું જાતે કરીશ'.

અનુજના ઘરે રશિનો હીંચકો બાંધેલો હોય છે જે કામના સમયે ઉપર ભરાવી દેવામાં આવે છે. અનુજને ઝૂલા ખાવા હોય તો તે હાથ પકડીને અનુષ્કાને બોલાવે છે. અનુષ્કા આવે એટલે હીંચકા પાસેની જગ્યાએ જઈને ઉપર હાથ કરીને બતાવે છે, અનુષ્કા ફટાક દઈને તેને ઝૂલો નીચે ઉતારી આપે છે. અનુજ માત્ર દોરડું બાંધેલા હીંચકા કે જેમાં પાટિયું નથી, તે ખૂબ સરસ રીતે માણે છે. એટલું જ નહિ એ દોરડાને બે હાથ વડે પકડીને પહેલા એક પગ ઉપર મૂકીને પછી બીજો પગ ઉપર મૂકીને દોરડા ઉપર ઉભા રહીને એકદમ બરાબર બેલેન્સ કરીને ઉભા ઉભા હીંચકા ખાય છે, શું આત્મવિશ્વાસ! શું હિમ્મત! અનુષ્કા હીંચકો હલાવીને તેની નીચે ઉતારવા પ્રયત્ન કરે તો વધારે પ્રત્યન સાથે બેલેન્સ જાળવીને એક હાથથી પાછળ હટાવી દે છે. જાણે કે કહેતો ના હોય કે, મને રોકીશ નઈ. અનુજને રમવાનો સામાન જોઈતો હોય તો ફરી તે તકિયા પર હાથ પછાડીને અનુષ્કાને બોલાવશે અને અનુષ્કાનો હાથ પકડીને ચકરડીનો અહેસાસ કરાવે એટલે ચપળ અનુષ્કા તરત જ સમજી જાય છે કે ભાઈને રમકડાં જોઈએ છે. તે તેની રમકડાંની બેગ લાવીને તેની સામે મુકી દેશે. અને પોતે પણ અનુજ સાથે રમતમાં જોડાઈ જાય છે. બંને ભેગા થઈને ડબ્બી મીનારાની, રિંગ મીનારાની, ચકરડી ફેરવવાની, મોતી પરોવવાના વગેરે રમતો રમે છે.

સાંજના સમયે અનુજ અને અનુષ્કા બંને હાથ પકડીને પોતાના ઘર બહારના નજીકના વિસ્તારમાં ફરવા નીકળે છે. અનુજ ક્યારેક અનુષ્કાને ચીડવવા તેનો ચોટલો પકડી રાખે છે તે છોડાવતા તેનો નાકે દમ આવી જાય છે, છોડે પછી અનુષ્કા તેનો કાન પકડીને ગાલ ઉપર ટપલી મારે છે. જો ભાઈ-બહેનના ઝઘડામાં એકબીજાની પજવણી ના હોય તો તે ઝઘડામાં મજા જ શું છે? કેટલીકવાર અનુષ્કા ટપલી મારીને સંતાઈ જાય તો અનુજ દિવાલના સહારે ફરી ફરીને આખા ઘરમાંથી તેને શોધી કાઢે છે. એક વિશિષ્ટ અને એક સામાન્ય હોવા છતાં આ લાગણીમાં કોઈ તફાવત નથી.

અનુષ્કા છે તો 12 વર્ષની જ પણ એટલી જવાબદાર વ્યક્તિ છે કે મમ્મીને ક્યારેક અગત્યનું કામ આવી જાય તો ઘરનું કામ અને અનુજની દેખરેખ કરવાની બધું જ તે સાંભળી લે છે.

એકના વર્તનમાં લાચારી નથી અને બીજાના વર્તનમાં દયા નથી આ સબંધ છે આ બંને ભાઈ-બહેન વચ્ચે.

ખરેખર આવા બાળકો સમાજના સાચા શિક્ષકો છે. જેમના જીવનમાંથી આપણને ઘણું-બધું શીખવા મળે છે.

આ નાનકડા ગુરુજીને પ્રણામ! [નામ બદલેલ છે.]

By- Jagruti Desai
Special Educator





મંથલી અપડેટ

**બેરલ માર્કેટ ડહેલુંની શરૂઆત:-** અમદાવાદનો બેરલ માર્કેટ એક એવો વિસ્તાર છે જેમાં મોટાભાગની સ્થળાંતરની વસ્તી છે, તે ગરીબ અને વંચિત વર્ગ ધરાવતી વસ્તી છે. બેરલ માર્કેટ વિસ્તારમાં પ્રભાત સંસ્થાએ પોતાની કામગીરી કરેલ છે. પરંતુ સ્થળાંતરીત વસ્તીને કારણે સંસ્થા માટે તે ચિંતાજનક રહ્યું છે. કારણકે સંસ્થા લાંબા સમયનું આયોજન એ વિસ્તારમાં કરી શકતી નથી. તે પરિસ્થિતિને ધ્યાનમાં લેતા સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને ઓળખવા માટે સર્વે કરવામાં આવ્યો. તે સર્વેમાં 40 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને ઓળખાવવા આવ્યા. તે સર્વે પછી બાળકોની સંખ્યાને કારણે સંસ્થાએ ફરીથી એક યોગ્ય સ્થાનને ધ્યાનમાં લઈ ડહેલું (જરૂરિયાતોને પૂરી કરવા માટે સમુદાયમાં એક નાની જગ્યા) સેટ કરવાનું નક્કી કર્યું. ઓળખાયેલા 40 બાળકોમાંથી 25 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો ડહેલું પર આવવા લાગ્યા છે. આ ડહેલુંની જગ્યા ભલે નાની હોય પણ ત્યાં કરાવવામાં આવતી એક્ટીવીટી સેન્ટર પર કરાવવામાં આવતી એક્ટીવીટી જેવી જ હોય છે.

**મસ્તી-મજાક સાથે થેરાપી અને લર્નિંગ:-** આ મહિને એવી એક્ટીવીટી બાળકોને કરાવવામાં આવી કે જેમાં શિક્ષણ સાથે મનોરંજક અને થેરાપીનો સમાવેશ થયો. બાળકોએ સ્કૂલે આવવાનું શરુ કર્યું પછી ઘણા બાળકોમાં આંખ અને હાથના કોર્ડીનેશનની ચિંતા ઓળખવામાં આવી હતી, આ કારણે શિક્ષણ સાથે મનોરંજક અને થેરાપીને લગતી એક્ટિવિટીના સેશન કરાવવામાં આવ્યા. જેમાં બાળકોએ નોન-ફાયર કુકીંગ, ક્લે-થેરાપી, પઝલગેમ, ફ્લેશ-કાર્ડ, આઉટડોર એક્ટીવીટી વગેરેનો આનંદ માણ્યો.

**વિતરણ:-** પ્રભાત ધન્ય છે કારણકે તેની પાસે એવા આશ્રયદાતાનો સહારો છે કે જેઓ સંસ્થાના પરિવારોને વધુ સારું જીવન જીવવામાં મદદ કરે છે. સંસ્થા દ્વારા નિયમિતપણે ઓળખાતી જરૂરિયાતોને આધારે વિતરણ કેમ્પ યોજવામાં આવે છે. આ મહિને રાશન, કપડાં અને રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું અને શિયાળાની ઋતુમાં જરૂરિયાતમંદને રિવરસાઇડ સ્કૂલ દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**તહેવાર ઉજવણી:-** સંસ્થા પોતાની દરેક તકનો લાભ લઈને લર્નિંગ, થેરાપી તથા સેલિબ્રેશન કરતી હોય છે. ડિસેમ્બર મહિનામાં ક્રિસમસ તહેવારની ઉજવણી સંસ્થાના દરેક સેન્ટરમાં કરવામાં આવી. તેમાં બાળકોએ મનગમતા ગીતો સાથે ડાન્સ કર્યો. બાળકોએ ક્રિસમસના કાર્ડ બનાવ્યા તથા દીવાલો પર ચિત્ર દોરી તેના પર બેલ અને સીટી લગાવી શણગાર્યું હતું. બાળકો માટે સાન્તાક્લોસ પણ બોલવામાં આવ્યા અને તેઓને જોઈને બાળકો ખૂબ ખુશ થઈ ગયા હતા. તે ખરેખર બાળકો માટે ખૂબ જ આનંદદાયક સમય હતો!

**એસેસમેન્ટ કેમ્પ:-** સંસ્થા હજી પણ સામાન્ય સ્થિતિમાં આવવા માટે સંઘર્ષ કરી રહી છે, ત્યારે સંસ્થાએ બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આ મહિને 2 જુદા-જુદા સ્થળોએ એસેસમેન્ટ કેમ્પનું આયોજન નક્કી કર્યું. જેમાં સોશિયલ ડીસ્ટન્સને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું. સાયકોલોજિસ્ટ, ફિઝિયોથેરાપિસ્ટ, સ્પીચ-થેરાપિસ્ટ અને સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા 95 બાળકો તથા લોકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું. તેમાં મોટાભાગના 14 વર્ષથી ઓછી વયના અને તેમાં પણ 80% છોકરાઓ હતા. તેમાં મોટાભાગના મેન્ટલ રીટાયર્ડસન અને સેરેબ્રલ-પાલ્સી દિવ્યાંગતા ધરાવતા હતા. આ કેમ્પમાં સામાજિક સુરક્ષા યોજનાઓ અંગેની જાણકારી પણ આપવામાં આવી હતી.

**સહાયક સેવાઓ:-** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને જીવનમાં સામાન્યતાની કેટલીક જરિયાતો પૂરી પાડવા માટે સહાયક સેવાઓની સુવિધા ખૂબ જરૂરી હોય છે. આ મહિને સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને સહાયક સેવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે: મેડિકલ સર્ટી-6, એસ.ટી પાસ-4, પેન્શન યોજના-6, આધારકાર્ડ-1, બેન્ક એકાઉન્ટ-1, રેશનકાર્ડ-1

### અભિનંદન

અમને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે પ્રભાતને આગામી પાંચ વર્ષ માટે ડિસેમ્બર 2021માં FCRA રિન્યુઅલ પ્રાપ્ત થયું છે.

"વાત એવી જે આપણા હૃદયને સ્પર્શી જાય!"
એવી હૃદયસ્પર્શી ક્ષણો આપણને અનુભવાઈ હોય ને, જે આપણને વિશ્વાસ કરાવે કે આપણી આસપાસ હજી પ્રેમ, માનવતા અને કાળજી છે! અમારા ત્રણ નાના બાળકો તેમના શિક્ષક સાથે એક કાર્યક્રમમાંથી ગાડીમાં પાછા ફરી રહ્યા હતા. તે સમયે ગાડી ડ્રાઈવર પ્રફુલભાઈ બાળકોથી એટલા મોહિત થયા કે તેમણે બાળકોને પાણીપુરી, આઈસ્ક્રીમ અને જ્યુસ પીવડાવ્યું. પ્રફુલભાઈ એટલા ખુશ થયા કે તેમને આ બાળકો સાથે સમય પસાર કરવાની તક મળી હતી.

# ફોટો-ગેલેરી



એસેસમેન્ટ કેમ્પ



રાશનકીટ વિતરણ



ધાબળા વિતરણ



ક્લે એક્ટીવીટી



કપડાં વિતરણ



પઝલ ટાઈમ



ફિઝિયોથેરાપી



ક્રિસમસ સેલિબ્રેશન



પાણીપુરી અમને બહુ ભાવે!



સર્વેની કામગીરી

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org